**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૭૨૨/૨૦૨૩</u>**
**<u>આંક–૭</u>**

<u>ફરીયાદી ::–</u> **સરકાર વતી:– (૧) શ્રી ડો.એસ.બી.મકવાણા,**
**(૨) શ્રી ડી.એમ.રાવલ,**
સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અન્વયેના નિરીક્ષક
નાયબ શ્રમ આયુકતની કચેરી, બીજો માળ,
શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

<u>આરોપી ::–</u>
(૧) **એપિક હોસ્પિટલ,**
(૨) **શ્રી ડો. ચિરાગ મહેતા–ભાગીદારશ્રી,**
(૩) **શ્રી ડો.કલ્પના જૈન–ભાગીદારશ્રી,**
(૪) **શ્રી ડો.અનિલ જૈન–ભાગીદારશ્રી,**
એમ્પાયર ડોકટર હાઉસ, કારગીલ પેટ્રોલપંપ પાસે,
એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ

<u>ગુનો :</u> સેકશન ૨૪ કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અને સેન્ટ્રલ રૂલ્સ ૧૯૭૧ હેઠળ ફરીયાદ

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામનાં ફરીયાદીએ તા. ૧૫/૦૨/૨૦૨૩ નાં રોજ તહોમતદાર સંસ્થાની મુલાકાત લેતા, કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૨ અન્વયે ના નિયમ–૧૭(૧), ૭૪ નો ભંગ કરેલ હોવાની ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી તેમના ઓથોરાઈઝડ પર્સનશ્રી **સોલંકી અલ્પેશ મગનભાઈ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો

પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલના કામે તહોમતદારના ઓથોરાઈઝડ પર્સન શ્રી **સોલંકી અલ્પેશ મગનભાઈએ** ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમો તોહમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તહોમતદાર વતી તેમના ઓથોરાઈઝડ પર્સન શ્રી **સોલંકી અલ્પેશ મગનભાઈ** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસ હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) આ કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૨ અન્વયેના નિયમ–૧૭(૧), ૭૪ નાં ભંગ બદલ તકસીરવાન ઠરાવીને દરેક નિયમનાં ભંગ બદલ રૂ.૫૦૦/– એટલે કે આરોપી સંસ્થાને રૂ.૫૦૦ × ૨ નિયમ × ૪ આરોપી એટલે કે **રૂ.૪૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**
**CODE : GJ01045**